

# જે કંઈ શીખો એ હન્ડ્રેડ પર્સન્ટ શીખો

- IIT-Gના નવા સ્ટુડન્ટ્સ માટે ફાઉન્ડેશન કાર્યક્રમનું આયોજન : સિટીનો પરિચય કરાવવા હેરિટેજ વોક પણ યોજાશે

**અમદાવાદ : ૨૨ જુલાઈ ૨૦૧૪**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી (IIT-Gn)માં ૨૦૧૪-૧૮ની બેચ માટે નવા સ્ટુડન્ટ્સની એન્ટ્રી થઈ ચૂકી હોવાથી કેમ્પસમાં અત્યારે સ્ટુડન્ટ્સ અને પેરેન્ટ્સની સંખ્યા વધારે જોવા મળે છે. આ વાતને ધ્યાનમાં રાખીને નવા આવેલા સ્ટુડન્ટ્સ આઈઆઈટીને જાણે તે માટે આઈઆઈટી ગાંધીનગર દ્વારા ખાસ ફાઉન્ડેશન પ્રોગ્રામ ચલાવવામાં આવે છે. જેમાં સ્ટુડન્ટ્સ એકબીજા સાથે મૈત્રી કેળવવાની સાથે જ ઈન્સ્ટિટ્યુટ વિશે પણ માહિતી મેળવી શકે છે. આ વર્ષે આઈઆઈટીમાં બિ-ટેક માટે ૧૯ રાજ્યોમાંથી ૧૪૨ સ્ટુડન્ટ્સ આવ્યાં છે, જેમાંથી ૨૧ ગુજરાતના છે. રસપ્રદ વાત એ છે કે ગુજરાતમાંથી માત્ર એક જ છોકરી વડોદરાની અશ્વિની નાગરેએ આઈઆઈટીમાં પ્રવેશ મેળવ્યો છે. આ વર્ષે મહારાષ્ટ્રમાંથી હાઈએસ્ટ ૩૩ સ્ટુડન્ટ્સ આઈઆઈટી ગાંધીનગર માટે સિલેક્ટ થયા છે.



## શું હશે ફાઉન્ડેશન પ્રોગ્રામમાં ?

આ વર્ષે ફાઉન્ડેશન પ્રોગ્રામમાં ગુજરાત બહારથી આવેલા સ્ટુડન્ટ્સ અમદાવાદના કલ્ચરને જાણે, અહીંના હેરિટેજ વિશે માહિતી મેળવે તે માટે પહેલીવાર હેરીટેજ વોકનું આયોજન કરવામાં આવશે. સાથે જ આઇઆઇટીના આસપાસના વિસ્તારોમાં સફાઇ કામ, થિએટર વર્કશોપ, ટોય્ઝ મેકિંગ, પેઇન્ટિંગ અને ડાન્સ વર્કશોપ યોજવામાં આવશે. આ સાથે ઇનોવેટર્સ, આંત્રપ્રિન્યોર અને ફિલ્મ ડાયરેક્ટર્સ સાથે ઇન્ટરેક્ટ સેશનનું પણ આયોજન કરવામાં આવશે.

## મારું સપનું હતું કે IITમાં સ્ટડી કરું



**અશ્વિની નાગરે** એક માત્ર ગુજરાતી છોકરી છે જેણે ૨૦૧૪-૧૮ની બેચ માટે એડમિશન લીધું છે. તે કહે છે કે, મેં ઇલેક્ટ્રિકલ બ્રાન્ચમાં એડમિશન લીધું છે અને ધોરણ ૧૨ મેં એ ગ્રૂપ સાથે પાસ કર્યું છે. મારું નાનપણથી જ સપનું હતું કે હું આઇઆઇટી જેવી મોટી ઇન્સ્ટિટ્યુટમાં અભ્યાસ કરું. મેં સ્કૂલનું શિક્ષણ વડોદરામાં લીધું છે. મને નહોતી ખબર કે અહીં આવનારી ગુજરાતની હું એક માત્ર છોકરી છું. મારા સપનાં મોટા નથી કે હું મારી કંપની શરૂ કરું પણ એવું ઇચ્છું છું કે સારી સેલેરી હોય તેવી કંપનીમાં જોબ કરવા ઇચ્છું છું.